| | | |
|---|---|---|
| GJCU050017352022 | सत्यमेव जयते | **CC NO. 1087/2022**<br>**Exhibit No.** |

## (નમુનો :– અ)

| નસવાડીના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી બી.જી.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.નસવાડી, જી.છોટાઉદેપુર. | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૨૪/૦૬/૨૦૨૪ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૧૦૮૭/૨૦૨૨ |
| **પોલીસ સ્ટેશન/**<br>**એફ.આઈ.આર. નંબર** | :<br>: | નસવાડી પો.સ્ટે.<br>ગુ.ર.નં. : સી–૧૧૧૮૪૦૦૭૨૨૦૯૦૬/૨૦૨૨ |
| **ગુનો** | : | ધી પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(ઈ), ૯૮(૨),૮૧, ૧૧૬ (બી) |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | સરકાર શ્રી, | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | એચ.જી.ટેલર | |
| **આરોપી** | : | (૧) | **જીતેન્દ્રકુમાર ચંદ્રકાંત પરીખ, ઉ.વ.૪૮,**<br>રહે. : લકુલેશ નગર આજવા રોડ, વડોદરા શહેર |
| **આરોપીના વિ.વ.શ્રી** | : | | પી.એસ.જયસ્વાલ |

## (નમુનો :– બ)

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૦૫/૧૦/૨૦૨૨ |
| **ફરીયાદની તારીખ** | : | ૦૫/૧૦/૨૦૨૨ |
| **ચાર્જશીટની તારીખ** | : | ૦૮/૧૦/૨૦૨૨ |
| **ચાર્જફ્રેમ તારીખ** | : | ૧૯/૦૫/૨૦૨૩ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૨૨/૦૬/૨૦૨૩ |

| | | |
|---|---|---|
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૦૭/૦૬/૨૦૨૪ |
| **ચુકાદાની તારીખ** | : | ૨૪/૦૬/૨૦૨૪ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | – |

**: આરોપીની વિગત :**

| **નં.** | **આરોપીનુ નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીર વાન/ નિર્દોષ** | **સજા** | **Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **જીતેન્દ્રકુમાર ચંદ્રકાંત પરીખ, ઉ.વ.૪૮,** રહે. : લકુલેશ નગર આજવા રોડ, વડોદરા શહેર | ૧૪/૮/૨૨ | – | ધી પ્રોહીબીશન એકટની કલમ.– ૬૫(એ)(ઈ), ,૯૮(૨),૮૧ ,૧૧૬(૨) | શંકાના લાભ સાથે નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| **અનુ નં.** | **આંક** | **નામ** | **સાહેદ ના પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૮ | સુનીલભાઈ બુધાભાઈ તડવી | પંચ |
| ૨ | ૧૧ | સંજયભાઈ શંકરભાઈ તડવી | પંચ |
| ૩ | ૧૮ | અ.હે.કો. ખુમાનભાઈ બનસીંગભાઈ | સાહેદ |
| ૪ | ૨૧ | અ.હે.કો ધરમસિંહ વિઠલસિંહ રાઠવા | ફરીયાદી |

| | | | |
|---|---|---|---|
| ૫ | ૨૬ | પો.સ.ઈ. ચેતનકુમાર દલસુખભાઈ પટેલ | ત.ક.અ. |

**ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| નં | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૯ | પંચનામું |
| ૨ | ૨૨ | ફરીયાદ |
| ૩ | ૨૭ | તપાસનો આદેશ |
| ૪ | ૨૮ | રવાનગી પત્રક |

**ઠ રા વ**

૧. આ કામના ફરિયાદી એ.હે.કો ધરમસિંહ વિઠલભાઈનાઓ, નસવાડી પો.સ્ટે. નાઓએ નસવાડી પો.સ્ટે. માં તેવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે, ગઈ તા. ૧૪/૦૮/૨૦૨૨ ના રોજ કલાક ૦૬/૧૫ વાગે મોજે નસવાડી ટાઉન કન્યાદાન ત્રણ રસ્તા પાસે પોતાના કબજા ભોગવટાની હુન્ડાઈ કંપનીની લાલ કલરની ઉપર કાળા પટ્ટા વાળી ક્રેટા ગાડી નંબર જીજે.૦૫.આરજી.૧૧૦૧ ની અંદર ઈંગ્લીશ દારૂ લાવી આ કામના આરોપીનાઓ વગર પાસપરમીટના પ્રોહી મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલાની હાલની ફરીયાદ કરેલ છે. આમ, આરોપી નાએ ધી ગુજરાત પ્રોહી બીશન એકટની કલમ–૬૫ (એ)(ઈ), ૯૮(૨) ૮૧, ૧૧૬(૨) મુજબનો ગુનો કર્યો હોય ફરીયાદીએ હાલની ફરિયાદ નોંધાવતા પોલીસ પ્રોહી. ગુના રજીસ્ટર નં. સી–૧૧૧ ૮૪૦૦૭૨૦૦૯૬/૨૦૨૨ થી આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરેલ હતી. જે તપાસના અંતે અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫.એ.ઈ, ૯૮(૨), ૮૧, ૧૧૬(૨) મુજબના ગુનાનું તહોમત ફરમાવવામાં આવતાં, સદરહું આરોપીએ ગુનાની ઈન્કારી કરી કેસ આગળ ચલાવવા માંગણી કરેલ હતી.

૩. **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો :** ઉપર નમુના '**ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉકિત કરેલી નથી.

૪. ફરીયાદપક્ષ તરફથી પુરાવો પુરો થતા ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા અન્વયેના પ્રશ્નો પુછતાં તેનો જવાબ નકારમાં આપેલ છે અને પોતે તદન નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે.

૫. ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ વિ. એ.પી.પી. શ્રી તથા આરોપી ના વકીલશ્રીની દલીલો સાંભળેલ. ત્યાર બાદ કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ છે.

૬. ઉપરોકત હકીકતે સદરહું કામના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૪/૦૮/૨૦૨૨ ના રોજ કલાક ૦૬/૧૫ વાગે મોજે નસવાડી ટાઉન કન્યાદાન ત્રણ રસ્તા પાસે પોતાના કબજા ભોગવટાની હુન્ડાઈ કંપનીની લાલ કલરની ઉપર કાળા પટ્ટા વાળી ક્રેટા ગાડી નંબર જીજે.૦૫.આરજી.૧૧૦૧ ની અંદર ઈગ્લીશ દારૂ લાવી વગર પાસપરમીટનો પ્રોહી મુદ્દામાલ સાથે પકડાઈ જઈ,

ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(ઈ), ૯૮ (૨) ૮૧, ૧૧૬(બી) મુજબનો ગુનો કરેલ છે. ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧ અને ૨</u>** :–

મુદ્દા નં. ૧ અને ૨ સંયુકત રીતે સંકળાયેલ હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૮.૧. આ કામે આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંક પણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરિયાદ પક્ષ તરફથી આ કામના ફરીયાદી, સાહેદ તથા ત.ક.અ. ખુમાનભાઈ બનસીંગભાઈ, ધરમસિંહ વિઠલભાઈ તથા પો.સ.ઈ. ચેતનકુમાર દલસુખભાઈની નાઓને આંક–૨૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષને અનુરૂપ જુબાની આપવાનું પ્રયત્ન કરેલ છે અને ત.ક.અ.શ્રી તથા સાહેદો મહદઅંશે તેમની સરતપાસની હકીકતો ને વળગી રહેલ છે. આમ, આ કામના સાહેદ/ત.ક.અ.શ્રી તથા સાહેદો તે પોલીસ વિભાગના અધિકારી/ કર્મચારી છે અને તેથી ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૨૫ થી ૨૭ ની જોગવાઈ ઓ ધ્યાને લેતાં, તે મુજબની આરોપી અગર અન્ય સાહેદોની કબુલાત સ્વરૂપની હકીકત પુરાવામાં ગ્રાહય રાખી શકાય તેમ નથી. સાહેદ/ત.ક.અ.શ્રી તથા સાહેદોનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે સાહેદ/ત.ક.અ.શ્રી તથા સાહેદોના પુરાવાને સ્વતંત્ર સાહેદોના

પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે.

જે માટે આ કામે ફરિયાદ પક્ષ તરફથી સ્વતંત્ર પંચ સાહેદ હોવાનું કહેવામાં આવે છે તેવા આંક–૯ થી સુનીલભાઈ બુધાભાઈ તડવી તથા આંક–૧૧ સંજયભાઈ શંકરભાઈ તડવીને તપાસવામાં આવેલ છે. પરંતુ તેઓ તેમની જુબાનીમાં આંક–૧૦ ના પંચનામાની હકીકતો ને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ. એ.પી.પી. શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવા માં આવેલ છે. તેઓ ફરી ગયેલ જાહેર થયા બાદ વિ.એ.પી. પી.શ્રી ધ્વારા તેમની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓની જુબાનીમાંથી કોઈ ફળદાયક તથ્ય રેકર્ડ પર ફલિત થયેલ નથી. આમ, પ્રોહી બીશનના મુખ્ય અગત્યના સાહેદ કે જેનાથી પંચનામું સાબિત થઈ શકે તેવો કોઈ સચોટ પુરાવો સાબિત થયેલ નથી. આ કામના તપાસ કરનાર સાહેદ કે જેઓ આ ગુનાના તપાસ કરનાર અધિકારી હોવા છતાં તેઓ એ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. વધુમાં રવાનગી પત્રક રજુ રાખેલ છે પરંતુ એફ.એસ.એલ રીપોર્ટ રજુ રાખેલ ન હોય ત્યારે મુદ્દામાલ પ્રોહી. દારૂ જ હતો તે ફરીચાદપક્ષ સાબીત કરતા નથી.

૯. આ કામે સાહેદ/ત.ક.અ.શ્રી તથા સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહિ હોવાનું પ્રથમ દર્શનીય છે. સાહેદ/ત.ક.અ.શ્રી તથા સાહેદો તે પોલીસ વિભાગના સાહેદો હોય અને તેઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. આ સંજોગોમાં મુદ્દા નં. ૧ નુ તથ્ય નિ:શંક પણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેલ હોવાનું સ્વીકારી શકાય તેમ ન હોય, મુદ્દા નં. ૧ નકારાત્મક ઠરાવી, મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપી : **(૧) જીતેન્દ્રકુમાર ચંદ્રકાંત પરીખ, ઉ.વ.૪૮,** રહે. : લકુલેશ નગર આજવા રોડ, વડોદરા શહેરને કિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) મુજબ ધી ગુજરાત

પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩ મુજબ ના ગુન્હામાંથી શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોત તો કાયમ રાખવામાં આવે છે અને જો ન કરવામાં આવ્યો હોય તો યોગ્ય આર.સી. ઓનરની ખાતરી કરી પરત કરવો. મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૩. ક્રિ.પ્રો.કો.ક.–૪૩૭ (એ) અન્વયે, આરોપીએ જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા રૂાં. ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામ : નસવાડી
તારીખ : ૨૪/૦૬/૨૦૨૪

**(ભાવેશભાઈ ગોવિંદભાઈ સોલંકી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)
નસવાડી.
(જજ કોડ–જીજે૦૦૯૭૬)